ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૨૭ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૩-૦૭-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૦.૭૫ ● પાના : ૪

## ડૉ. ભાવપ્રકાશ ગાંધીને ગુજરાત સરકાર દ્વારા યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો



ગાંધીનગર

૨૮ મી જુન, ૨૦૧૪ ના અષાઢના પ્રથમ દિવસે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે સાંજે ૬-૩૦ કલાકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત પંડિત સન્માન તથા યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારંભ યોજવામાં આવ્યો હતો.

ગુજરાત યુવા ગૌરવ પુરસ્કાર માટે ગુજરાત સરકારે આ વર્ષે જુનાગઢ ભેંસાણ ખાતે આસી. પ્રોફેસર તરીકે સેવા બજાવતા ડો. ભાવપ્રકાશ ગાંધીને પસંદ કર્યા હતા. શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે સંસ્કૃત સાહિત્યજગતમાં ઉભરતા યુવાન ડો. ભાવપ્રકાશ ગાંધીને ગુજરાત યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કર્યો હતો. ડો. ભાવપ્રકાશ ગાંધી સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર ગાંધીના સુપુત્ર છે. તેઓએ પ્રભાત આશ્રમ, મેરઠ (ઉત્તરપ્રદેશ) માં બાળપણથી સંસ્કૃત માધ્યમથી અભ્યાસ કરી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. બી એડ. તથા એમ.એ.ની પદવી તેઓએ હરિદ્વાર તથા લખનૌથી પ્રાપ્ત કરી હતી. એમ.એ. માં તેમણે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલો છે. કર્મફળ વિષય ઉપર પી.એચ.ડી. કરી ડોકટરેટની પદવી પ્રાપ્ત કરી છે. પ્રારંભમાં ગાંધીનગર ખાતે ગણમાન્ય સ્કુલમાં પણ તેમણે સંસ્કૃત શિક્ષક તરીકે સેવા આપી હતી. ગુજરાત સરકારમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળમાં પણ તેમણે સંસ્કૃતના આસી. પ્રોફેસર તરીકે ચાર વર્ષ સેવા આપી હતી. ગુજરાત તથા અન્ય પ્રાન્તમાં અનેક સંસ્કૃત સંમેલનોમાં ભાગ લઈ તેમણે પોતાના શોધપત્રો રજુ કરી પ્રતિયોગિતામાં ઘણા મેડલો પ્રાપ્ત કરી ગુજરાત પ્રાન્તને ગૌરવ પ્રદાન કર્યું છે. તદ્ઉપરાંત તેમણે ગાંધીનગર, અમદાવાદ તથા અન્ય પ્રાન્તમાં જઈ સંસ્કૃત સંભાષણ વર્ગો પણ લીધા છે. તેમના માર્ગદર્શન હેઠળ હાલ ચારેક વિદ્યાર્થીઓ પી.એ.ડી. કરી રહ્યા છે. ગુજરાત સરકાર તરફથી અનેક શિક્ષકોના પણ તેમણે તાલીમવર્ગ લીધા છે. પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર તરફથી તેમણે સંસ્કૃત પુસ્તકોનું પ્રુફ રીડર તથા માર્ગદર્શક તરીકે સેવા આપી છે. સંસ્કૃતભાષામાં તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત

(અનુ. પાન ૨ પર)

## ગાંધીનગર સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે
## સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો




ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન ગાંધીનગર દ્વારા સ્ટ્રેચ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. ગત તારીખ ૨૭ થી ૩૦જૂન, ૨૦૧૪ દરમ્યાન ગાંધીનગરના સેકટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિંદી વિદ્યાલય ખાતે યોજાયેલ આ વકર્શોપમાં ધોરણ.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ઉત્પન્ન કરતા કારણો તથા તેના નિવારણના વૈદિક ઉપાયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને નાની નાની ભૂલો કેવી રીતે જાણવી તથા તેને કઈ રીતે દૂર કરવી તેના ઉપાયો વિષે સમજણ આપી હતી.

યોગ નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ ધ્યાનના માધ્યમથી કેવી રીતે મનને શાંત તેમજ નિયંત્રિત કરી શકાય તેની જાણકારી આપી હતી. તેમણે માનવીના મસ્તિષ્કને વધારે કાર્યક્ષમ બનાવવામાં પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી થાય છે તેની સમજ આપી હતી. પાતંજલ યોગશાસ્ત્રના આધારે પ્રાણાયામ કયારે, કેટલા અને કઈ રીતે કરવા તેની સમજ આપી બાહ્ય પ્રાણાયામનો ક્રિયાત્મક અભ્યાસ

(અનુ. પાન ૨ પર)

॥ ઓરૂમ્ ॥
॥ સદ્ગુરૂ શ્રી ઓધવરામાય નમ: ॥



સદ્ગુરૂ
શ્રી ઓધવરામ બાપા



ગુરૂકુલ સ્થાપક
સંતશ્રી હરભોલે બાપા

શ્રી નિત્યાનંદ શિવાનંદ સરસ્વતી યોગ નિકેતન (રજી. ૮૦જી.)
સંચાલિત
**સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુલ**
આયોજીત
**"ગુરૂ વંદના - વાર્ષિકોત્સવ"**
શુક્રવાર, તા. ૧૧.૭.૨૦૧૪ થી રવિવાર, તા. ૧૩.૭.૨૦૧૪

વ્યક્તિત્વ વિકાસ શિબીરો
વ્યાકરણ અભ્યાસ
કામધેનુ ગૌ શાળા યજ્ઞુતરો
વિદ્યાર્થી સંસ્કાર કેન્દ્ર
જાહેર આમંત્રણ
વેદ અભ્યાસ
આધુનિક વ્યાયામશાળા
વાલરામ વાટીકા
યજ્ઞ પ્રશિક્ષણ

: શુભ સ્થળ :
મુ. પો. ભવાનીપુર, તા. અબડાસા, જિ. કચ્છ (ગુજરાત), પીન : ૩૭૦૬૫૦
ફોન : (૦૨૩૧) ૨૮૮૨૫૫ / ૯૩૭૭૦ ૨૭૧૬૬

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

卐 : અતિથિવિશેષ : 卐
શ્રી જેન્તીભાઈ ભાનુશાલી (માજી ધારાસભ્ય, અબડાસા)
શ્રી આશારીયા લાલજી વડોર - બીઠ્ઠા (દાનવીર, સમાજ સેવક)
શ્રી મુલરાજ ગઢવી (પ્રમુખશ્રી તાલુકા પંચાયત, અબડાસા)
શ્રી અરવિંદભાઈ રાણા (તંત્રીશ્રી અગ્નિપથ)
શ્રી હસુમખભાઈ પરમાર (મંત્રી, ગુજરાત આર્ય પ્રતિનિધિ સભા)
શ્રી રણજીતસિંહ પરમાર (પ્રધાન, સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા)
શ્રી વસંત કરશનદાસ ચાંદ્રા (PWD ચેરમેન, ગાંધીધામ નગર પાલિકા)
શ્રી દેવજી કરસનદાસ મંગે (ઉપ પ્રમુખ, શ્રી ભવાનીપુર પ્રગતિ મંડળ)
શ્રી શંભુભાઈ નંદા (પ્રમુખ, શ્રી ભુજ ભાનુશાલી મહાજન)
શ્રીમતી મંજુલાબેન ગોવિંદ હંજડા (સરપંચ, શ્રી ભવાનીપુર જુથ પંચાયત)


卐 : નિમંત્રક : 卐
આચાર્ય, સ્વામીશ્રી શાન્તાનંદજી (M.A. દર્શનાચાર્ય)

卐 : દર્શનાભિલાષી : 卐
ભાનુશાલી મહાજન, ભવાનીપુર
શ્રી ભવાનીપુર પ્રગતિ મંડળ એવમ્ પંછી ગ્રુપ

: શુભેચ્છક :
ગુરૂકુલ - ટ્રસ્ટીગણ તથા સર્વ કાર્યકર
મુ. પો. ભવાનીપુર, તા. અબડાસા, જિ. કચ્છ (ગુજરાત), પીન : ૩૭૦૬૫૦
ફોન : (૦૨૩૧) ૨૮૮૨૫૫ / ૯૩૭૭૦ ૨૭૧૬૬
website : www.santodhavramvedicgurukul.com
e-mail : odhavgurukul@yahoo.com

આર્યસમાજ અમદાવાદ દ્વારા આયોજીત અને વૈદિક સંસ્થાન ઓઢવના વ્યવસ્થાપનમાં

**વેદ કથા**



વક્તા : સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક

વિષય : ઈશોપનિષદ્

: કાર્યક્રમની તારીખ અને સમય :
૧૮-૦૭-૨૦૧૪ શુક્રવાર બપોરે ૨ : ૩૦ થી ૬ : ૩૦
૧૯-૦૭-૨૦૧૪ શનિવાર બપોરે ૨ : ૩૦ થી ૬ : ૩૦
૨૦-૦૭-૨૦૧૪ રવિવાર રાત્રે ૮ : ૩૦ થી ૧૦ : ૩૦

: કાર્યક્રમનું સ્થળ :
શહિદવીર મંગલપાંડે ઓડિટોરીયમ
શિરોમણી બંગ્લોઝની પાસે, ૧૦૦ ફૂટ
વિરાટનગર-નિકોલ રોડ, અમદાવાદ

कार्षापणं भवेद्दण्ड्यो यत्रान्यः प्राकृतो जनः ।
तत्र राजा भवेदण्ड्यः सहस्त्रमिति धारणा ॥
मनुस्मृति ३३६(२०३)

જે અપરાધમાં સાધારણ મનુષ્ય પર એક પૈસાનો દંડ હોય, તે જ અપરાધમાં રાજા ઉપર સહસ્ર - હજાર પૈસાનો દંડ હોવો જોઈએ અર્થાત સામાન્ય મનુષ્ય કરતાં રાજાને સહસ્ર ગણો દંડ કરવો જોઈએ આવી શાસ્ત્ર વ્યવસ્થા છે.

**તંત્રી સ્થાનેથી....**

## કૃષિ પાક વિમા યોજના

યુપીએ સરકારે તેના પાછલા સમયગાળા દરમ્યાન અને લોકસભાની સામાન્ય નવી ચૂંટણીઓ પહેલા ખેડૂતોના પાકને નુકસાની સામે વીમાનું રક્ષણ આપતી રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનામાં ખુબ મોટા ફેરફાર કરી નવી પાક વીમા યોજના દાખલ કરેલ અને કેન્દ્ર સરકારે જુની પાક વીમા યોજનાને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવા મંજુરી આપી છે. અગાઉ યુપીએ સરકારે નવી પાક વીમા યોજનાની જોગવાઈઓમાં વીમાના પ્રીમીયમમાં ખૂબ મોટો વધારો પાક વીમા રક્ષિત રાશીમાં ખૂબ મોટો ઘટાડો, પાક વીમા યોજનાનું ખાનગીકરણ ખરી ખેડૂતો ઉપર ખૂબ મોટો બોજો વધારેલ હતો. અગાઉની જુની યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી ભારત સરકારની કંપની દ્વારા ચાલતી હતી તે રદ કરી પાક વીમા યોજનાનું ખાનગીકરણ કર્યું. આવી અનેક ખેડૂત વિરોધી જોગવઈઓ હતી જેના કારણે લોકસભાની ચૂંટણીઓ અગાઉ યુપીએની કેન્દ્ર સરકારને વારંવાર રજુઆત કરી નવી પાક વીમા યોજનાઓને બદલે જુની પાક વીમા યોજના ચાલુ રાખવા વિનંતી કરી હતી. પરંતુ અગાઉની કેન્દ્ર સરકારે તે માંગણી સ્વીકારી ન હતી

નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી નવી સરકાર બનતાં ગુજરાત સરકારના મંત્રી નીતિન પટેલ, બાબુ બોખીરીયા, કૃષિ વિભાગના અગ્ર સચિવ રાજકુમાર સહિતના પ્રતિનિધમંડળે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્ર કૃષિ મંત્રી રાધામોહનસિંહ તથા કેન્દ્રના કૃષિ સચિવ સાથે બેઠક કરી શા માટે યોજના અમલમાં મુકવી ન જોઈએ અને જુની યોજના ચાલુ રાખવા માંગણી કરી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની આ યોગ્ય માંગણી અંગે ઝડપી યોગ્ય નિર્ણય કરવા કેન્દ્રીય કૃષિ મંત્રીને સૂચના આપી હતી જેના અનુસંધાનમાં ભારત સરકારના કૃષિ વિભાગે ૨૬ જુન ૨૦૧૪ના રોજ ગુજરાત સરકારને પત્રથી માહિતી આપી છે કે, ગુજરાત સરકારની માંગણી મુજબ ગુજરાતના ખેડૂતોના હિતમાં કેન્દ્ર સરકારે જુની રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના વધુ એક વર્ષ માટે ચાલુ રાખી છે દરમ્યાનમાં કેન્દ્ર નિર્ણય કરવાની છે. જેથી હવે રાજ્યના ખેડૂતોને ૧.૫ થી ૩.૫ ટકા જેટલું પ્રીમીયમ ભરવાનું રહેશે અને પાક વીમા રક્ષણ જળવાઈ રહેશે.

# ભગવાન અને ભક્ત બંને અવિનાશી છે

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ ६ ॥
यजुर्वेद ।अ०-४०।मं.सं.६



**વેદવાણી**
-અવધેશપ્રસાદ પાંડેય
(ગાંધીનગર) - ૦૧

**જો બ્રહ્મ જીવ કે જગતરૂપમાં રૂપાન્તરિત થઈ જશે તો જગત અને જીવની જેમ ઈશ્વરનું પણ અવસાન કે નાશ માનવો પડશે જે સંભવ નથી.**

યસ્તુ=જે કોઈ, સર્વાણિ=સમસ્ત, ભૂતાનિ=જડ-ચેતનાદિ વસ્તુઓને, આત્મનિ એવ=પરમાત્મામાં જ, અનુપશ્યતિ=જુએ છે., ચ સર્વભૂતેષુ=અને સર્વ જડ-ચેતનાદિમાં, આત્માનં=પરમાત્માને, અનુપશ્યતિ=જુએ છે., તતઃ=ત્યારે, ન વિજુગુપ્સતે=(તે કોઈને) ઘૃણા કે તિરસ્કાર કરતો નથી.

'तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः'

પરમાત્માને પદાર્થમાત્રની બહાર અને ભીતર વ્યાપ્ત જાણવાવાળા વિદ્વાન મનુષ્યને સર્વની અંદર પરમાત્મા અને પરમાત્માની અંદર સર્વનું દર્શન થાય છે.

ભૂત=પ્રાણિમાત્ર, તત્રહિંસા સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહઃ= સર્વકાળમાં સર્વપ્રકારેણ સર્વ પ્રાણિમાત્ર પ્રત્યે નિર્વૈર ભાવ એટલે અહિંસા. અહીં ભૂતનો અર્થ પ્રાણિમાત્ર જ લેવાનું સુસંગત છે. પ્રાણિમાત્રમાં પ્રભુનું દર્શન કરનાર વિવેક ખ્યાતિયુક્ત દાર્શનિક વિદ્વાન માટે કોઈ પણ પરાયો/પારકો હોતો જ નથી. આવા મનુષ્યો બધાની સાથે નિરપેક્ષ અને વિશુદ્ધ પ્રેમ અને આદરની ભાવના રાખે છે.

સંશયયુક્ત મનુષ્ય જ બીજાને તિરસ્કાર કરે છે. પરમાત્માની સર્વવ્યાપકતાની પ્રતીતિ વિશે બેવડી (દ્વિવિધા) બુદ્ધિ/ સમજ રાખનાર વ્યક્તિ જ બીજા પ્રાણીઓ પ્રત્યે હિંસા કે વેરભાવ રાખે છે. જે વ્યક્તિને ઈશ્વરની સર્વવ્યાપકત્વનો સાક્ષાત્ (પ્રત્યક્ષ) થઈ ગયો હોય છે, તેમના હૃદયમાં સર્વપ્રાણીઓ પ્રત્યે ઘૃણાના સ્થાને પ્રીતિભાવનાનો નિર્મળ ઉદય થઈ જાય છે. પ્રભુની સર્વવ્યાપકતાનું બુદ્ધિપૂર્વક કે પ્રામાણિકતાપૂર્વક સ્વીકાર જ વ્યક્તિને સર્વનો સમ્બન્ધી બનાવી દે છે. નાના-મોટા સંકીર્ણ અને એકાંગીય સમ્બન્ધોનાં બન્ધનોને ધ્વંસ કરી, પ્રીતિ-પ્રેમના સીમિત વિસ્તારને ઓળંગી બૃહત્/વિશાળ પ્રેમ-વિસ્તારને પ્રાપ્ત કરે છે. માતા-પિતા-આચાર્ય જે શરીરમાં શયન કરે છે, તે શરીરનાં પ્રત્યેક અંગ કે ઘટક પ્રત્યે પણ હૃદયમાં આદર અને કૃતજ્ઞતાનું અભિનવ ભાવ સદૈવ પ્રકાશિત રહી, માતૃ-પિતૃ-ગુરુ ભક્ત મનુષ્યને પ્રીતિરસથી સંતૃપ્ત રાખે છે. તેવી જ રીતે સમસ્ત બ્રહ્માંડના ઘટક-દ્રવ્યોમાં પુરૂષોત્તમની સમજણપૂર્વકની અનુભૂતિ પ્રભુ પ્રત્યેની પ્રીતિને નિત્ય જીવન્ત રાખવામાં અનિવાર્ય નિમિત્ત બને છે.

કોઈ પણ વ્યક્તિ/પ્રાણી પ્રત્યે ઘૃણા-ભાવ રાખનાર વ્યક્તિ તેનામાં રહેલા ઈશ્વરના અસ્તિત્વ બાબતે હજી પણ સંશયયુક્ત જ હોવા જોઈએ. જે વસ્તુ અથવા વ્યક્તિમાં મારા પ્રાણ-પ્રિય, ઉપાસનીય, વરણીય, પરમપવિત્ર, દિવ્યગુણોથી યુક્ત પ્રિયતમ નિવાસ કરે છે, તે વસ્તુ કે વ્યક્તિ પ્રત્ય ઘૃણા-તિરસ્કારનો ભાવ કેવી રીતે ઉદ્ભવી શકે ? આવી ઉદ્ભવતી ભાવના જગતમાં ઈશ્વર વિશે નિષેધાત્મક ભાવ જન્માવનારી છે. જગતમાં વર્તમાન પ્રત્યેક વ્યક્ત પદાર્થમાં અવ્યક્ત ઈશ્વરનો નિષેધ એટલે નાસ્તિકતા. વ્યાપ્ય પદાર્થો સાથે વ્યાપક પ્રભુનો સમ્બન્ધ, વ્યક્તિમાં દેશ-કાળ નિરપેક્ષ આસ્તિકતાનો ભાવ જન્માવે છે. વ્યાપ્યની જાળવણી પાછળ વ્યાપક પ્રત્યેની અદ્ભુત અને અમાપ પ્રીતિ જ કારણભૂત છે. આ સંસારની સકળ વસ્તુઓ વ્યાપ્ય છે અને સર્વવ્યાપક પરમાત્માના આધેય છે. બંને વસ્તુઓ તદ્ન ભિન્ન-ભિન્ન હોવા છતાં પ્રકટરૂપ વ્યાપ્ય જગત (બ્રહ્માંડ) અપ્રકટરૂપ પરમાત્મા તરફ ખેંચી જાય છે.

યોગી પરમાત્માને સર્વત્ર સમદૃષ્ટિથી જોવે છે. કીટ-પતંગ, પશુ-પક્ષી, મનુષ્ય વગેરે પ્રાણીઓમાં બ્રહ્મ-જીવના એકત્વનું દર્શન એટલે 'સમદર્શન'.

આ એકત્ત્વનું દર્શન એટલે બ્રહ્મ-જીવની એકતા સિદ્ધ કરવાનો અભિપ્રેત નથી. બધી જ એકરૂપ આત્માઓની અંદર એકરુપ વ્યાપક પરમાત્મા અખંડ રીતે સમાયેલા છે. પિંડોની વિવિધતા કે જીવોની અસંખ્યપણાથી ઈશ્વરમાં વિવિધતા કે અનેક ઈશ્વરપણાની ભાવના નાસ્તિકની ભાવના છે. પિંડો અને જીવાત્માઓને જ ઈશ્વર સમજવાથી તેમાં વ્યાપક ઈશ્વરને અજાણે, પ્રમાદથી કે અવિવેકથી નકારીને તેના તરફથી વિમુખ બની, તેમના જ્ઞાન, બળ અને આનંદસ્વરૂપથી મળતા લાભોથી વંચિત થઈ જઈએ છીએ. માળાની મણિકાઓની અંદર અનુસ્યુત અપ્રગટ આધારભૂત સૂત્ર પ્રત્યેનું અદર્શન એટલે અધુરૂં દર્શન. માળાનું અસ્તિત્વ જે તત્વ ઉપર આધારિત છે તેને ભૂલી માત્ર સ્વર્ણમયી ચળકતી મણિકાઓમાં રમણ કરનાર, વ્યાપ્ય દ્રવ્યની ઊંડાણમાં પડેલી દિવ્ય-ચેતનાનું દર્શન કરવા કદીય યોગ્ય બની શકે નહિ. મણિકાઓને જ સર્વ સમજનાર અવિવેકી પ્રજ્ઞા = ચુક્ષુવિહીન છે. જગતને ઈશ્વર માનવું તે એકત્વનું દર્શન નથી, અભદ્ર દર્શન છે.

ખંડરૂપ જગતમાં અખંડ રીતે ઠસોઠસ ભરેલા ઈશ્વરનું દર્શન એટલે એકત્ત્વ/અખંડતાનું દર્શન.

પ્રત્યેક વસ્તુમાં ઉપસ્થિત ઈશ્વરની સત્તા આસ્તિક મનુષ્યનાં મનમાં ઈશ્વરીય સત્તાની ભાવનાને ક્યારેય અનુપસ્થિત થવા દેતો નથી. મનમાં પ્રભુ સ્મરણની વૃત્તિ કદાપિ લુપ્ત થતી નથી. આવા મનુષ્યોનાં મનમાં અખંડ ઈશ્વર-ભક્તિ ચાલ્યા જ કરે છે. ક્યારેય પોતાનામાં ખાલીપણા કે નિરાશીપણાનો દર્શન કરતો નથી, સદૈવ ઉત્સાહી, વીર્યવાન, ઉમંગી અને પ્રાણવાન બની = પુરૂષર્થી બની = કાર્યો કરે છે.

ઈશ્વર આપણને ન ભૂલે અને આપણે ઈશ્વરને ન ભૂલીએ, એ ક્યારે શક્ય બને ? જ્યારે સર્વ ભૂતમાત્રમાં પ્રતિષ્ઠિત અવિનાશી ઈશ્વરની ભાવભીની યાદને ન ભૂલાવીએ, ત્યારે જ જીવનમાં ક્ષણ-ક્ષણ ભક્તિમય બની ઉપલબ્ધિના ઉચ્ચતમ શિખર સુધી પહોંચાડવામાં સહાયક બની શકે.

ભગવાન અને ભકત બંને અવિનાશી છે. બંનેની સ્વતંત્ર સત્તા છે. બે સ્વતંત્ર સત્તાત્મક વસ્તુઓને એકરૂપ માનવું અપથાર્ય અને ભ્રાન્ત માન્યતા છે. નિત્યને અનિત્ય માનવું અવિદ્યા છે. બ્રહ્મમાં જીવનો નાશ=વિલીનીક્ષણ માનવું, વિનાશકારી અવિદ્યાયુક્ત અવસ્થા છે.

બંને ઈશ્વર અને જીવને એક માનવું 'સમદર્શન' નહિ, 'મિથ્યાદર્શન' છે. જગતને પરિવર્તનશીલ માનવું 'સમદર્શન' છે અને મિથ્યા માનવું મિથ્યાદર્શન છે. યથાર્થ જગતના અસ્તિત્વને અયથાર્થ માનરાઓના માનવીય જીવન નિરર્થક= અર્થહીન છે, અત્યંત સાનિધ્યતાને લીધે બંને એક જેવા પ્રતીત થવા લાગે, એનો અર્થ એ નથી કે બંને એક થઈ ગયા. સત્યાર્થની દૃષ્ટિએ તે એક કદાપિ થશે નહિ, પણ અનુભૂતિના ક્ષણે તે સર્વમાં અખંડરીતે પ્રત્યક્ષ થશે.

પ્રભુને સર્વત્ર માનનાર વ્યક્તિ, સર્વથા નિર્ભય અને ઘૃણારહિત થઈ જાય છે. ઊંચ-નીચ જીવોમાં રાગ-દ્વેષ બુદ્ધિ નથી રાખતા અર્થાત્ જેમની બુદ્ધિ પરમાત્મરંગમાં રંગાઈ ગયેલી હોય છે, તેમના અન્તઃકરણ તે જ પરમાત્મામાં રમી જાય છે. આવા આત્મરતિ યોગી મનુષ્યો પરમાત્માને છોડીને કોઈમાં પણ રાગ-દ્વેષ નથી કરતાં. આવા લોકો જ સાચા અર્થમાં 'સમદર્શી' કહેવાય.

નિત્યશુદ્ધબુદ્ધમુક્ત સ્વભાવવાળા બ્રહ્મ જીવ કદાપિ થઈ શકે નહિ. જો આવા બ્રહ્મ જીવરૂપમાં પરિણિત થઈ જાય તો બ્રહ્મનું બ્રહ્મત્વ અખંડ રહી શકે નહિ. ઈશ્વરની કાર્ય કે વિકારરૂપમાં પ્રાપ્તિ ઈશ્વરને નિરવયવી નહીં રહેવા દે. જો બ્રહ્મ જીવ કે જગતરૂપમાં રૂપાન્તરિત થઈ જશે તો જગત અને જીવની જેમ જ ઈશ્વરનું પણ અવસાન કે નાશ માનવો પડશે જે સંભવ નથી. અખંડ બ્રહ્મનાં અંશ ભિન્ન-ભિન્ન જીવોના ભાવને ધારણ કરશે તો બ્રહ્મ નિરવયવ નહીં રહે, વેરવિખેર થઈ નષ્ટ-ભ્રષ્ટ થઈ જશે.

(વધુ આવતા અંકે)

**સર્વોત્કર્ષ સેવા** પાન ૧નું શેષ.....

કરાવ્યો હતો. પ્રાણાયામની વ્યાખ્યા રજુ કરી તેનો લાભ કયા પ્રકારે વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે તે સમજાવ્યું હતું.

આ વર્કશોપના અંતિમ સત્રમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા પોલીસ ઈન્સ્પેકટર શ્રી પી.એ. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોલીસથી ન ડરવાની સલાહ આપતા કહ્યું હતું કે પોલીસ અપરાધીઓ પ્રત્યે કઠોર વલણ ધરાવે છે.પરંતુ સામાન્ય નાગરિક માટે પોલીસનું વલણ સારું જ હોય છે. તેમણે વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત લેવા તથા પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની પ્રક્રિયા જાણવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે સરકાર દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચે સુસંવાદ ઉભો કરી પોલીસની પ્રજામાં રહેલી ખોટી છાપ દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

સમાપન પ્રસંગે પોતાના વકતવ્યમાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે ખોટી માન્યતાઓના કારણે આપણે અકારણ સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હોઈએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધિત, માતાપિતા તથા ગુરુજનો સાથેના વ્યવહાર સંબંધિત જે ખોટી માન્યતાઓ, ગેરસમજો હતી તેને દૂર કેવી રીતે કરવી તે અંગેની જે જાણકારી વર્કશોપ દરમ્યાન આપી હતી, તેના ઉપર અમલ કરવા અનુરોધ કર્યો હતો. વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ વિદ્યાર્થીઓને માતાપિતા તથા ગુરુ પ્રત્યે મનમાં આદર તથા શ્રદ્ધાભાવ રાખવા પ્રેરણા આપી હતી. યુવા વૈદિક પ્રચારક શ્રી ભગીરથ પટેલે પોતાના વ્યાખ્યાનમાં માનવશરીર રચનાની કોમ્પ્યુટર સાથે સરખામણી કરી મનને કેવી રીતે નિયંત્રણમાં રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વર્કશોપના પ્રતિભાવ આપતા શાળા પરિવારના ટ્રસ્ટી શ્રીમતી શોભનાબા વાઘેલાએ કહ્યું હતું કે છેલ્લા ૮ વર્ષથી સતત ચાલતા આ વર્કશોપના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ તથા વ્યવહારમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આવા વર્કશોપ સતત યોજાતા રહે તેવી લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ અતિથિ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આવા વર્કશોપથી ભૂતકાળમાં વિદ્યાર્થીઓને થયેલ લાભોના સંસ્મરણો વાગોળ્યાં હતાં.


સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રસિંહે કર્યું હતું. સમાપન પ્રસંગે સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત વૈદિક પરિવારના સક્રિય સદસ્યો ડો. ચંદુભાઈ અંબવાણી, શ્રી બળદેવભાઈ પટેલ, શ્રી જિતેન્દ્રભાઈ રાવલ, શ્રીમતી વિજુબેન આર્યા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

**ડો. ભાવપ્રકાશ** પાન ૧નું શેષ.....

થયેલા છે. ગુજરાત સરકારે નાણાકીય સહયોગ કરી તે પુસ્તકોનું પ્રકાશન થયેલ છે.

આ સમારંભમાં રમગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ વેદશાસ્ત્રના પારંગત પંડિત શ્રી જયંતિલાલ કરુણાશંકર ભટ્ટ, શ્રી ભદ્રશંકર જોષી, શ્રી જયપ્રકાશ ત્રિવેદીને પારિતોષિક આપી સન્માન કર્યું હતું. સાહિત્ય ગૌરવ પુરસ્કાર ડો. અજિતસિંહ ઈશ્વરસિંહ ઠાકોરને આપવામાં આવ્યો હતો. સંસ્કૃત કુટુંબ સન્માન શ્રી સતીશ ગજજર અને તેમના પરિવારને આપવામાં આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પરિવારમાં હમેશા કેવળ સંસ્કતભાષાનો જ ઉપયોગ કરવામાં આવે છે. પારિતોષિકો પ્રદાન કર્યા બાદ અત્યન્ત મનોહર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સંસ્કૃતમાં રાસ-ગરબા તથા નાટિકા-નૃત્ય રજુ થયા હતા.

સર્વોત્કર્ષા સેવા સંસ્થાન, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણા તથા ટ્રસ્ટ સંચાલિત વૈદિક પરિવાર ગાંધીનરના માર્ગદર્શક શ્રી અવધેશપ્રસાદ પાંડેય તથા સંરક્ષક શ્રી અજમલભાઈ આર્યએ ડો. ભાવપ્રકાશને અભિનંદન પાઠવ્યા છે.


દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ






॥ओ३म्॥

**वानप्रस्थ साधक आश्रम**
**Vaanprasth Saadhak Aashram**
( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना )
आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत
Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

समादरणीय श्रीयुत,
सादर नमस्ते !

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ की ओर से प्रचारार्थ सत्यार्थ प्रकाश (गुजराती भाषा) का २५ वां संस्करण प्रकाशित हो रहा है। पिछला संस्करण हमने प्रचार हेतु १५-१५ तथा ३०-३० रुपये में वितरीत किया तथा हजारों प्रतियाँ भेंट रूप में प्रदान की गई।

यह नया संस्करण भी नये जिज्ञासुओं को भेंट रूप में या लागत मूल्य से भी कम (लगभग ५० रुपये) में वितरीत करेंगे। जिन महानुभावों तथा समाजों को अग्रिम ग्राहक बनना हो वे शीघ्र निम्न पतें पर या ईमेल द्वारा सूचित करें। कम से कम १०० प्रति के अग्रिम ग्राहक बनने वाले के नाम व पते पुस्तक में प्रकाशित किये जायेंगे। इस प्रकाशन की सूचना कृपया अपने परिवारजनों, मित्रों तथा समाजों में भी सूचीत करें।

धन्यवाद!

व्यवस्थापक
वैदिक वाङ्मय प्रकाशन
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात

संपर्क :
व्यवस्थापक : श्री रणसिंह जी आर्य
'वैदिक वाङ्मूय प्रकाशन', वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७
दूरभाष : (२७७०) २८७४१७, २९१५५५, ९४२७०५९५५०
Email : vaanaprastharojad@gmail.com

TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

# બ્રિટન સામે ઉભી થયેલી સંકટ વેળાએ તક ઝડપી લેવા સુભાષબાબુ ઉત્સુક બન્યા



ભારતની સ્વતંત્રતાના વીર નાયક
**સુભાષચંદ્ર બોઝ**
-ચૈતન્ય દેસાઈ (૧૩)

સ્વાતંત્ર્ય પછી રાષ્ટ્ર બંધારણનું જોખમ કોંગ્રેસે પોતાના જ શીરે લેવું એવો આગ્રહ તેમણે વ્યક્ત કર્યો. દેશમાં ગરીબાઈ, નિરક્ષરતા, રોગચાળો અને ઉત્પાદન અને વેચાણ જેવા પ્રશ્નો સમાજવાદી સિદ્ધાંતોને આધારે હલ કરવા એવો વિચાર રજૂ કર્યો. આ ઉપરાંત વધારાની સંપર્ક ભાષાના રુપમાં હિન્દી-ઉર્દુનું મિશ્રણ, શક્તિશાળી કેન્દ્રોની આવશ્યકતા, જમીનદારી પ્રશ્નોનો અંત, કિશાનોની દેવામાંથી મુક્તિ, સહકારી તથા વૈજ્ઞાનિક આધારયુક્ત ખેતી, ઔદ્યોગિક વિકાસ તથા કુટિર-ઉદ્યોગના વિકાસનો પણ વક્તવ્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો.

પોતાના ભાષણનું સમાપન કરતાં સુભાષચંદ્રનો અવાજ ફરી એક વાર ઘેરો બન્યો. "આવતા અનેક વર્ષો સુધી મહાત્મા ગાંધીજીનો લાભ આપણા દેશને મળતો રહે", એવી એમના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરીને તેમણે આગળ જણાવ્યું, "આપણો સંઘર્ષ માત્ર બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે જ નહીં પણ વિશ્વના તમામ સામ્રાજ્યવાદી રાષ્ટ્રોની સામે છે. આપણે ફક્ત ભારત માટે જ લડતા નથી, અખં માનવતા માટે સંઘર્ષ કરીએ છીએ! ભારત બંધનમુક્ત થયું એટલે માનવતાનું રક્ષણ થયું. વંદે માતરમ્." કેવી ઉદાત્ત ભાવના !

આ અધિવેશન બાદ સુભાષબાબુએ દેશભરમાં પ્રવાસ કર્યો. કોંગ્રેસી સરકારોના પ્રશ્નો પણ હલ કર્યા. મધ્યમ પ્રાંતોના પ્રધાનો-પ્રધાનો વચ્ચેની કટોકટીનો તેમણે કુનેહપૂર્વક ઉકેલ શોધી આપ્યો. આ સભામાં પણ તેમની વિશિષ્ટ ભૂમિકાને કારણે ત્યાંની મુસ્લિમ લીગની સરકકારને હટાવી કોંગ્રેસી પ્રધાનમંડળ રચી શકાયું. તો બીજી બાજુ કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મુસ્લિમ લીગ સાથે મુત્સદીભરી વાટાઘાટોથી "બોઝ-લીગ કરાર" તરીકે જાણીતી સમજૂતી વડે જોડાણ સાધી શક્યા. તેમણે રાષ્ટ્રીય આયોજન સમિતિની રચના કરી. પ્રાંતીય મુખ્ય પ્રધાનોની બેઠક બોલાવી. આર્થિક અને ઔદ્યોગિક વિકાસ બાબતે દિશાસૂચન કર્યું. હિન્દુ-મુસ્લિમ વિવાદને મિટાવવા પણ અનેકવાર ઝીણાને મળ્યા, પરંતુ ઝીણાના જડ વલણ અને ટૂંકી દ્રષ્ટિએ તેમને સફળ થવા દીધા નહીં.

૧૯૩૯માં યુરોપના યુદ્ધનાં બ્યૂગલો ફૂંકાયા. બ્રિટન સામે ઉભી થયેલી સંકટ વેળાએ તક ઝડપી લેવા સુભાષબાબુ ઉત્સુક બન્યા, પરંતુ તેમને લાગતું હતું કે ગાંધીજી આ તકનો ઉપયોગ નહીં કરે. સુભાષબાબુએ આગામી પ્રમુખપદની ચૂંટણીમાં ઉભા રહેવાનો નિર્ધાર જાહેર કર્યો. કટ્ટર ગાંધીવાદીઓ માટે આ વિપત્તિની સૂચના બની ગઈ. ગાંધીવાદીઓએ આ બાબતમાં જણાવ્યું કે આપણે એવો નિયમ કરવો જઈએ કે સતત બે વર્ષ સુધી એ પ્રમુખ નહીં હોવો જોઈએ. પરંતુ સુભાષના બ્રિટન સાથે કોઈ પણ રીતના સમાધાન વિરોધી વલણ, ઔદ્યોગિકરણની હિમાયત અને આવનારા યુરોપીયન યુદ્ધ અંગે રાષ્ટ્રીય સંઘર્ષની હિલચાલને લીધે તેમની લોકપ્રિયતા વધી પરંતુ કોંગ્રેસી જમણેરી પાંખને તેઓ અસ્વીકાર્ય ઠર્યા. તેમની સામે ગાંધીજીની ઈચ્છાનુસાર જમણેરી જૂથમાંથી મૌલાના આઝાદ અથવા ડૉ. સીતારામૈયા એ બેમાંથી કોને ઉભા રાખવા તે નક્કી કરવાનું હતું. મૌલાના આઝાદે ઉમેદવારી પાછી ખેંચી લીધી હોઈ દેશભરના કોંગ્રેસીઓએ ડૉ. પટ્ટાભિ સીતારામૈયાને જ મત આપવો એવું જાહેરનામામાં જણાવ્યું હતું. સુભાષબાબુ પાસે તેમની કાર્યશૈલી અને લગને ઉભી કરેલી પ્રતીષ્ઠા હતી. સુભાષબાબુએ પોતાનું પૂરેપુરું ધ્યાન ચૂંટણી પર કેન્દ્રિત કર્યું હતું. પ્રચારકાર્ય પૂરજોશમાં ચાલતું હતું. આરોપ-પ્રત્યારોપની રમત પૂરી થઈ. મતદાન પૂર્ણ થયું. પરિણામ બહાર પડ્યું. ઉત્તરપ્રદેશમાં ડૉ. સીતારામૈયાને ૧૮૫ તો સુભાષને ૨૯૬ મત મળ્યા. ઉત્તરપ્રદેશ એટલે જવાહર અને કૃપલાણીનો ઉંચામાં ઉંચો ગઢ. અલ્હાબાદના મુખ્ય ચૂંટણી કાર્યાલયમાંથી ફોન રણક્યો. પટ્ટાભિ સીતારામૈયાને ૧૩૭૫ અને સુભાષને ૧૫૮૦ મત મળ્યા. આશરે બસો મતથી સુભાષના નિર્ણાયક રીતે વિજયી થવાના સમાચાર ઘોષિત કરવામાં આવ્યા. સુભાષબાબુ જીત્યા. ડૉ. સીતારામૈયાના પરાજયને ગાંધીજીએ પોતાના પરાજય તરીકે લેખાવ્યો તેથી તેની તત્કાળ અસર થઈ. સુભાષબાબુ સામે આંતરિક પડકાર ઉભો થયો. વર્ધા આશ્રમ જઈ તેઓ ગાંધીજીને મળ્યા પરંતુ મુલાકાત નિષ્ફળ ગઈ. બિમારીને લીધે વર્ધામાં મળેલી કાર્યવાહક સમિતિની બેઠકમાં પણ ઉપસ્થિત રહી શક્યા નહીં. શરદચંદ્ર બોઝ સિવાયના બધા સભ્યોએ રાજીનામાં ધરી દીધાં. માર્ચ ૧૯૩૯મ ત્રીપુરીમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું. ત્રિપુરી જવા સુભાષે નિશ્ચય કર્યો હતો, પરંતુ ગંભીર માંદગીમાં તેઓ પટકાયા હતા. બંને ફેફસાં ન્યુમોનિયા ગ્રસ્ત હતાં. ડૉક્ટરોએ જવાની સ્પષ્ટ ના પાડી છતાં એમ્બુલન્સ અને સ્ટ્રેચરની મદદથી ટ્રેન પકડી અધવેશનમાં ગયાં ત્યાં કેટલાક દ્વેષિલા લોકો એવું કહેતાં સંભળાયા કે સુભાષબાબુ બિમાર નથી પણ બિમારીનું બહાનું કાઢી રહ્યા છે. રાજાજી બોલ્યા "સુભાષે મધ લીધું પણ મધમાખીના ડંખ નથી ખાધા. અરે આ તો નરી રાજકીય બીમારી છે. ગાંધીજી જેવા મહાત્મા પર કાદવ તો ઉડાડ્યો પણ હવે અધિવેશનમાં મોઢું બતાવવાની હિંમત નથી, એટલે બીમાર હોવાનો ઢોંગ કરીને પથારીમાં મોં છૂપાવીને પડ્યા રહેવાનું, બીજું શું? **(ક્રમશઃ)**

# तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदु चन्द्रमाः। तदेव शुक्रं तद् ब्रह्म ता आपः स प्रजापतिः।।

**(यजु. ३२/१)**

ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप **४०**
સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान :-** हे मनुष्यों ! (**तत्**) वह सर्वज्ञ, सर्वव्यापि, सनातन, अनादि सच्चिदानन्दस्वरूप, नित्य शुद्ध बुद्ध मुक्तस्वभाव, न्यायकारी, दयालु, जगत् का स्रष्टा जगत् का धर्त्ता और सबका अन्तर्यामी परमेश्वर (**एव**) ही (**अग्निः**) सर्वोत्तम ज्ञानस्वरूप, जानने के योग्य, प्रापणीयस्वरूप, पूज्यतम व स्वयं प्रकाशित होने से 'अग्नि' नाम वाला है 'ब्रह्म ह्यग्निः शतपथे' (**तदादित्यः**) जिसका कभी नाश न हो, स्वप्रकाशस्वरूप होने व प्रलय समय में सबको ग्रहण करने से परमात्मा का नाम आदित्य है, "आदित्यो वै ब्रह्म, वायुर्वै ब्रह्म, चन्द्रमा वै ब्रह्म, शुक्रं हि ब्रह्म, सर्वजगतकर्तृ ब्रह्म, ब्रह्म वै बृहत्, आपो वै ब्रह्मेत्यादि" शतपथ तथा ऐतरेय ब्राह्मण के प्रमाण हैं (**तद्वायुः**) सब जगत् का धारण करने वाला, अनन्त बलवान् व प्राणों से भी प्रियस्वरूप होने से ईश्वर का नाम 'वायु' है, (**तदु चन्द्रमाः**) आनन्दस्वरूप और अपने सेवकों को परमानन्द देने से 'चन्द्रमा' परमात्मा को जानना चाहिए। (**तदेव शुक्रम्**) शीघ्रकारी, शुद्धभाव के कारण व सब जगत् का कर्त्ता होने से 'शुक्र' नाम ईश्वर का है (**तद् ब्रह्म**) अनन्त, सबसे बड़ा व धर्मात्मा स्वभक्तों को अत्यन्त सुख, विद्यादि सद्गुणों से बढ़ाने वाला होने से ब्रह्म ईश्वर का वाचक है (**ता आपः**) उसी ईश्वर को सर्वज्ञ, चेतन, सर्वत्र व्याप्त होने से 'आप' नामक जानना चाहिए। (**स प्रजापतिः**) वही सब जगत् का स्वामी व पालन करने वाला होने से प्रजापति है। उसी को हम लोग इष्टदेव तथा पालक मानें, अन्य को नहीं।

(ऋ.दया. कृत यजु.भाष्य + आर्याभिविनय)

**भावार्थ :-** हे मनुष्यों ! जैसे ईश्वर के ये अग्नि आदि गौण नाम हैं वैसे और भी इन्द्रादि नाम हैं, उसी की उपासना फलवाली है ऐसा जानो।

**टिप्पणी –** (क) अग्नि अग्रणी भवति, अग्रे नयति। किसी भी दशा में जो मनुष्य को आगे ले जाता है या गति प्रदान करता है, उत्साह देता है इस कारण ईश्वर को अग्नि कहा जाता है। ईश्वर का आश्रय लेने से हताशा-निराशा दूर हो जाती है व मनुष्य का जीवन उमंग-उत्साह से युक्त हो जाता है।

(ख) ईश्वर प्राणों से भी प्रिय है। अर्थात् जीवन से भी अधिक ईश्वर की आज्ञा का महत्व है। जिसको यह समझ में आ जाता है वह मर जायेगा, अपने प्राणों को न्यौछावर कर देगा परन्तु ईश्वराज्ञा से विमुख नहीं होगा क्योंकि वह जानता है मरने के बाद ईश्वर की न्यायावस्था में मुझे सुख अवश्य मिलेगा। और यदि ईश्वराज्ञा भंग करके जीवन बचा भी लिया तो वह जीवन सुख, यश, शान्ति आदि से युक्त न होगा व मरने के पश्चात् भी दूसरे जन्मों में दुर्दशा होगी।

(ग) ईश्वर सदैव सब जीवों के प्रति हित का भाव रखते हैं कदापि किसी जीव का अहित अवनति नहीं चाहते।

(घ) ईश्वर की उपासना से ही धर्म, अर्थ, काम व मोक्ष रूपी फलों की प्राप्ति होती है अन्यथा नहीं।

(ङ) ईश्वरीय आनन्द से पूर्ण तृप्ति होती है। संसार के विषयों का आनन्द हमें पूर्ण तृप्त नहीं कर पाता। १. ईश्वर का आनन्द दीर्घकाल तक भोगने के बाद भी छोड़ने की इच्छा नहीं होती जबकि भौतिक आनन्द कुछ देर अच्छा लगता है फिर उसे छोड़ने की इच्छा होती है। २. ईश्वर का आनन्द बिलकुल शुद्ध होता है, उसमें दुःख का लेश भी नहीं होता जबकि प्राकृतिक आनन्द में कई प्रकार का दुःख मिला होता है जैसे परिणाम दुःख, ताप दुःख, संस्कार दुःख व गुणवृत्तिविरोध दुःख। ३. ईश्वरीय आनन्द को भोगने वाला मन इन्द्रियों का स्वामी बन जाता है जबकि भौतिक आनन्द को भोगने वाला मन इन्द्रियों का गुलाम बन जाता है। ४. ईश्वरानन्द का भोक्ता जानबूझकर छल-कपट नहीं करता जबकि संसार के सुख को भोगने वाला जानबूझकर भी छल-कपट कर सकता है। ५. ईश्वरीय आनन्द भोगने वाले का (समाधि के माध्यम से संस्कार दग्धबीजवत् नष्ट हो जाने पर) मोक्ष हो जाता है। भौतिक सुख भोगने वाले को पुनर्जन्म अवश्य लेना पड़ता है। ६. मोक्ष अवस्था में मुक्त जीवात्मा ईश्वरीय आनन्द को सर्वत्र हर क्षण भोगता रहता है। सांसारिक आनन्द को सर्वत्र निरन्तर नहीं भोगा जाता बीच-बीच में दुःख भी आता रहता है। **(ક્રમશઃ)**

# એવી પણ કોઈ વસ્તુ હોઈ શકે ખરી કે જેની દેશ અને કાળની દ્રષ્ટિથી ન તો શરૂઆત હોય કે ન તો અંત હોય

**૮. ઉપાસનામાં મન કેમ નથી લાગતું ? તેનાં થોડાં કારણો -:**

૧૮. સત્ય-અસત્ય, ધર્મ-અધર્મને જાણવા માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ સત્યાર્થ પ્રકાશના ત્રીજા સમુલ્લાસમાં જે પાંચ પ્રકારની પરીક્ષાઓ લખી છે તેને સાધક જાણતો નથી, જો કે તેને જાણ્યા વિના સત્ય-અસત્ય, ધર્મ-અધર્મનું પરિક્ષણ કરી શકાય નહીં.

૧૯. વૈદિક રીતિથી યોગાભ્યાસ કરીને ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોય એવા ગુરુને સારી રીતે ઓળખીને, શ્રદ્ધાપૂર્વક જે મનુષ્ય તેને પોતાનો ગુરુ ન બનાવે અથવા બનાવીને પણ ગુરુના આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન ન કરે તો તે મનુષ્યને એમ ન કહી શકાય કે તેણે સત્ય-અસત્યને જાણ્યું છે.

**સત્યોપદેશ - ૨** **૧૧**
ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે)



૨૦. વેદ અને વેદાનુકુળ ઋષિકૃત ગ્રંથોનું અધ્યનય કર્યા અને કરાવ્યા પછી પણ સાધક તેના અનુસાર આચરણ કરતો નથી.

૨૧. સાધકને ઈશ્વરના વિષયમાં સંશય હોય છે કે શું એવી પણ કોઈ વસ્તુ હોઈ શકે ખરી કે જેની દેશ અને કાળની દ્રષ્ટિથી ન તો શરૂઆત હોય કે ન તો અંત હોય.

૨૨. કોઈ કોઈ લોકો કહે છે કે ઈશ્વર સૃષ્ટિની રચના પાલન અને પ્રલય કરતા હોય એવું તો કંઈ જોવામાં આવતું નથી.તેનાથી સાધને ઈશ્વરના વિષયમાં સંશય પેદા થઈ જાય છે.

૨૩. કોઈ કોઈ લોકો કહે છે કે સૃષ્ટિ પોતાની મેળે બનતી રહે છે અને નષ્ટ થતી રહે છે. તેથી ઈશ્વરને માનવું લાભકારક નથી. આવી વાતોથી સાધના મનમાં સંશય ઉત્પન્ન થાય છે. **(ક્રમશઃ)**

# મહર્ષિ મનુ વિશ્વના સૌથી પ્રથમપુરુષ છે કે જેમણે સ્ત્રીઓને સર્વોચ્ચ સન્માન આપેલ છે

**મનુસ્મૃતિમાં સ્ત્રીઓનું સ્થાન (૧)**
**- નાથુભાઈ ડોડિયા, ભરૂચ**

મનુસ્મૃતિ એક વિધિ-વિધાનાત્મક શાસ્ત્ર છે. આમાં વ્યક્તિ અને સમાજ માટે હિતકારી ધર્મો, નૈતિક કર્તવ્યો, મર્યાદાઓ અને આચરણોનું વર્ણન છે, ત્યાં બીજી બાજુ શ્રેષ્ઠ સમાજવ્યવસ્થા માટે વિધાનો-કાનૂનોની પણ રચના છે. આ મનુસ્મૃતિ વ્યક્તિ અને સમાજ માટે ધર્મશાસ્ત્ર અને આચારશાસ્ત્ર છે અને સામાજિક વ્યવસ્થાને ઉત્તમ રીતે રાખનાર સંવિધાન પણ છે. મનુસ્મૃતિ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સન્માનનીય અને લોકપ્રિય બનવાનું મુખ્ય કારણ તેના વ્યક્તિ અને સમાજ માટે હિતકારી, વ્યાવહારિક અને યુક્તિયુક્ત વિધિ-વિધાન તથા તેની પ્રાચીનતા અને વેદાનુકૂળતા છે.

આજે કેટલાક વિદ્વાન લેખકોમાં એક ભ્રામક માન્યતા પ્રચલિત છે કે મનુ મહારાજ અને મનુસ્મૃતિ સ્ત્રીવિરોધી છે અને મનુસ્મૃતિનું આ સ્ત્રીવિરોધી ચિત્ર અવારનવાર લેખોમાં પ્રગટ થાય છે. મનુસ્મૃતિનું સાંગોપાંગ વિવેકબુદ્ધિથી અધ્યયન કરવામાં આવશે તો આ વાત પાયા વિનાની અને સત્યથી વિપરીત જણાશે. મનુએ મનુસ્મૃતિમાં સ્ત્રીઓ બાબતમાં જે સગવડો આપી છે તે એમને આદર, સંરક્ષણ, સમાનતા, સદ્ભાવ અને ન્યાયની ભાવનાથી પ્રેરિત છે. આ અંગે આપણે સ્વયં મનુસ્મૃતિના જ પુરાવાઓ જોઈએ.

**૧. સ્ત્રીઓને સર્વોચ્ચ મહત્ત્વ :**

મહર્ષિમનુ વિશ્વના સૌથી પ્રથમ પુરુષ છે કે જેમણે સ્ત્રીઓને સર્વોચ્ચ સન્માન આપેલ છે.

જે પરિવારમાં સ્ત્રીઓને આદર-સન્માન પ્રાપ્ત થાય છે ત્યાં દેવતા, દિવ્યગુણ, કર્મ, સ્વભાવ, સંતાન, દિવ્ય લાભ વગેરે પ્રાપ્ત થાય છે અને જ્યાં તેમનાં આદરમાન નથી હોતાં, ત્યાં તેમની બધી ક્રિયાઓ નિષ્ફળ જાય છે. (૩-૫૬)

સ્ત્રીઓ ઘરનો ભાગ્યોદર કરનારી, આદરને પાત્ર, ઘરની જ્યોતિ, ગૃહશોભા, ગૃહલક્ષ્મી, ગૃહસંચાલિકા તથા ગૃહસ્વામિની, ઘરનું સ્વર્ગ, સંસાર યાત્રાનો આધાર છે(૯-૧૧, ૯-૨૬, ૯-૨૮, ૫-૧૫૦). આથી જ મનુ મહારાજ ગૃહસ્થોને ઉપદેશ આપે છે કે પરસ્પર સંતુષ્ટ રહે, એકબીજાની વિરુદ્ધ આચરણ ન કરે અને અવું કાર્ય ન કરે કે જેનાથી એકબીજાથી જુદાં થવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય. (૯-૧૦૧, ૯-૧૦૨)હે પુરુષો ! સંતાનોત્પત્તિ માટે મહાભાગ્યોદય કરનારો, સત્કારયોગ્ય અને ગૃહસ્થાશ્રમનો પ્રકાશ કરનારી સ્ત્રીઓ જે ઘરોમાં છે તે સ્ત્રી લક્ષ્મીસ્વરૂપ છે, કેમ કે લક્ષ્મી, શોભા, સ્ત્રી અને સ્ત્રીઓમાં કંઈ પણ ભેદ નથી.(૯-૨૬)

**૨. પુત્ર-પુત્રી એકસમાન :**

મનુ જ સૌથી પ્રથમ એવા બંધારણ-નિર્માતા છે કે જેમણે પુત્ર-પુત્રીની સમાનતા જાહેર કરીને તેને કાયદાકીય રૂપ આપ્યું છે. પુત્રેણ દુહિતા સમા (૯-૧૩૦) અર્થાત્ પુત્ર-પુત્રી સમાન છે. તે આત્મારૂપ છે. આથી પુત્રી પૈતૃક સંપત્તિની અધિકારિણી છે.

માતાનું જે (વિવાહ વગેરે પ્રસંગે પોતાના ધન તરીકે) પિતા-ભાઈથી પ્રાપ્ત ધન હોય છે તે કન્યાનો જ ભાગે જાય છે અને પુત્રહીન નાનાનું-માતાના પિતાનું - ધન દૌહિત (પુત્રીનો પુત્ર) જ પ્રાપ્ત કરે.(૯-૧૩૧) અહીં માતાના ધનમાં માત્ર કન્યાને જ અધિકાર આપી મનુએ પરિવારમાં કન્યાને વિશેષ મહત્ત્વ આપેલ છે.

**3. સ્ત્રીઓના ધનની સુરક્ષા :**

સ્ત્રીઓને અબળા સમજીને કોઈ પણ, પછી ભલે તે ભાઈ જ કેમ ન હોય, જો સ્ત્રીઓના ધન ઉપર કબજો કરી લે તો એને ચોર સમજીને સજા કરવાનો આદેશ મનુએ આપ્યો છે.(૯-૨૧૨, ૩-૫૨, ૮-૨૮, ૮-૨૯)

**૪. સ્ત્રીઓ સાથે કરેલ અપરાધોમાં કઠોર સજા :**

સ્ત્રીઓની સુરક્ષાની દષ્ટિએ સ્ત્રીઓની હત્યા અને એમનાં અપહરણ કરનારાઓ માટે મોતની સજાનું વિધાન કરીને તથા બળાત્કારીઓ માટે ત્રાસપૂર્વક સજા આપ્યા પછી દેશનિકાલનો આદેશ આપીને મનુએ સ્ત્રીઓની સુરક્ષાને ચોક્કસ બનાવવાનો પ્રયત્ન કરેલ છે. (૮-૩૨, ૮-૩૫૨) માતા, બહેન, પત્ની, પુત્રી વગેરે સાથે વિવાદ કરવો નહિ.(૪-૧૮૦) સ્ત્રીઓ ઉપર ખોટા દોષારોપણ કરનારા, એને નિર્દોષ હોવા છતાં ત્યજી દેનારા, પત્ની સાથે વૈવાહિક ઉત્તરાદાયિત્વ ન નિભાવનારાઓ માટે દંડની વ્યવસ્થા છે.(૮-૨૭૫, ૮-૩૮૯, ૯-૪)

**૫. વૈવાહિક સ્વતંત્રતા અને અધિકારો :**

મનુએ કન્યાઓને યોગ્ય પતિની પસંદગી માટે સ્વયં પસંદગીનો હક તથા તેની સ્વતંત્રતા આપી છે.(૯-૯૦, ૯-૯૧) વિધવાને પુનઃ વિવાહનો અધિકાર આપ્યો છે.(૯-૧૭૬) સંતાન ન હોય તો તે પ્રાપ્ત કરવા નિયોગની વ્યવસ્થા આપી છે.(૯-૫૬ થી ૯-૬૩) વિવાહમાં કોઈ પણ પ્રકારની લેવડ-દેવડનો નિષેધ કર્યો છે.( ૩-૫૧ થી ૩-૫૪) સ્ત્રીઓને ગુનાહીન, દુષ્ટ પુરુષ સાથે લગ્ન કરવા કરતાં આજીવન અવિવાહિત રહેવાની વ્યવસ્થા આપી છે.(૯-૮૯)

**સ્ત્રીઓની સુરક્ષાની દ્રષ્ટિએ સ્ત્રીઓની હત્યા અને એમનાં અપહરણ કરનારાઓ માટે મોતની સજાનું વિધાન કરીને તથા બળાત્કારીઓ માટે ત્રાસપૂર્વક સજા આપ્યા પછી દેશનિકાલનો આદેશ આપીને મનુએ સ્ત્રીઓની સુરક્ષાને ચોક્કસ બનાવવાનો પ્રયત્ન કરેલ છે.**

**૬. સહકાર્ય અને ધર્મકાર્યમાં અપરિહાર્યતા :**

વિશ્વના બધા જ ધર્મોમાંથી ફક્ત વૈદિક ધર્મમાં જ સ્ત્રીઓને પુરુષોના ધર્મકાર્ય, સામાજિક કાર્ય કે પારિવારિક કાર્ય અનુષ્ઠાનમાં સમાન ભાગીદારી આપવામાં આવી છે.(૯-૧૧, ૯-૨૮, ૯-૯૩) વૈદિક સમયમાં સ્ત્રીઓને વેદાધ્યયન, યજ્ઞોપવીત, યજ્ઞ વગેરેના બધા જ અધિકારો મળ્યા હતા. તેઓ બ્રાહ્મણના સ્થાનને સુશોભિત કરતી હતી. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને મંત્રદ્રષ્ટા ઋષિકાઓ પણ બનતી હતી. વેદોને ધર્મમાં પરમ પ્રમાણ માનનાર મહર્ષિમનુ અનુસાર સ્ત્રીઓના બધા જ ધાર્મિક અધિકારો ઉચ્ચ શિક્ષણના સમર્થક છે ત્યારે જ એમણે સ્ત્રીઓનાં અનુષ્ઠાન મંત્ર પ્રમાણે કરવાં અને ધર્મકાર્યોનાં અનુષ્ઠાન સ્ત્રીઓને આધીન જાહેર કર્યાં છે.(૯-૧૧, ૯-૨૮, ૯-૯૬)

**૭. સ્ત્રીઓને અગ્રિમતા :**


'લેડીઝ ફર્સ્ટ' ની સભ્યતાના પ્રશંસકોને એ જાણીને આનંદ થશે કે મનુએ આ બધી વાતોનો મનુસ્મૃતિમાં નિર્દેશ કરેલ છે. સ્ત્રીઓને પહેલા રસ્તો આપવો (૨-૧૩૮) નવી પરણેલી અને નાની ઉંમરની કન્યાઓ, રોગી, ગર્ભવતી સ્ત્રીઓને અતિથિ પહેલા જમાડવી.( ૩-૧૧૪, ૩-૧૧૬)

છેલ્લે, મનુ સ્ત્રીઓની સમાનતા, સ્વતંત્રતા અને સન્માનતાના હિમાયતી છે, પરંતુ તેઓ અસુરક્ષિત અને અમર્યાદિત સ્વતંત્રતાના હિમાયતી નથી. તેમણે સ્ત્રીઓને ચેતવણી આપેલ છે કે સ્ત્રી પિતા, પતિ કે પુત્રના સંરક્ષણથી અલગ ન રહે. કારણ કે એકલી રહેવાથી બે કુળોની (પિતા અને પતિના કુળોની) નિંદા થવાની શંકા રહે છે. આજે પણ આપણે અનુભવીએ છીએ કે પુરુષ કરતાં સ્ત્રીઓને સુરક્ષાની વિશેષ જરૂર પડે છે. **(ક્રમશઃ)**

હૈદરાબાદના આમેર પેઠ ખાતેની પાટીદાર સમાજ વાડી ખાતે

# "જીવનમાં સાચા ઈશ્વરની સ્થાપના દ્વારા સાર્થક માનવ જન્મ" એ વિષય પર શ્રી ચંદ્રેશજી આર્યનું પ્રવચન યોજાયું

મૂળ નખત્રાણા કચ્છના રહેવાસી અને હાલે ધંધા અર્થે હૈદરાબાદ તેલંગાણા ખાતે નિવાસ કરતાં શ્રી કિશોરભાઈ પટેલ, શ્રી વસંત પટેલ, તથા શ્રીમતી રેખા પટેલ તથા શ્રીમતી પ્રિતિ પટેલ પરિવારના પ્રયાસો અને પુરુષાર્થથી હૈદરાબાદની મધ્યમાં આવેલા આમેર પેઠ ખાતેની પાટીદાર સમાજ વાડીમાં ગત તા. ૨૬મી જૂનના રોજ ગુરુવારે રાત્રે ગાંધીધામ નિવાસી વેદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યનું " જીવનમાં સાચા ઈશ્વરની સ્થાપના દ્વારા સાર્થક માનવ જન્મ" એ વિષય પર લગભગ બે કલાક સુધી વૈદિક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.






પ્રવચનના પ્રારંભે જ શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે, સંસારમાં સૌથી મોટી જો કોઈ ભ્રાંતિ હોય તો તે ઈશ્વરના વિષયની જ છે અને સંસારની સમગ્ર સમસ્યાઓનું સમાધાન છે જીવનમાં સાચા ઈશ્વરની સ્થાપના અને તેના દ્વારા જ માનવ જીવન સાર્થક અને સફળ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દાર્શનિક દ્રષ્ટિએ ત્રણ પ્રકારના નાસ્તિક છે. આ નાસ્તિકો વિશે સમજાવતા તેમણે કહ્યું હતું કે, કેવળ ઈશ્વર છે, અથવા બે-પાંચ મિનિટ અગરબત્તી પૂજા માત્ર કરી લેવાથી કોઈ આસ્તિક બની જતો નથી. ઈશ્વર ભક્તની ઓળખ બાહ્ય ચિહ્નોથી થઈ શકતી નથી. સાચા ઈશ્વર ભક્ત વ્યક્તિનું જીવન જ બોલતું હોય છે. સાચો ઈશ્વર ભક્ત વ્યક્તિ ઈશ્વરને સર્વ વ્યાપક માની તે અનુસાર સાવધાન થઈ જીવન વ્યવહાર કરતો હોય છે. શ્રી ચંદ્રેશજીએ કહ્યું હતું કે, ઈશ્વરના દર્શન મંદિરમાં જ થયા છે પણ આ સિમેન્ટ કોંક્રિટના મંદિરમાં નહિં પણ ઈશ્વર દ્વારા સ્વયં બનાવેલા મન-મંદિરમાં તેના દર્શન થાય છે સાચા વૈદિક ઈશ્વરની સ્થાપના થશે તો જ આજની યુવા પેઢી નાસ્તિક થવામાંથી બચી શકશે.

સાર્થક જીવનની શરૂઆત પરિવારથી જ થાય છે તેવું જણાવી શ્રી ચંદ્રેશજીએ કહ્યું હતું કે, આજે પરિવાર, સમાજ, અને રાષ્ટ્ર તૂટી રહ્યું છે તેનું મૂળ કારણ અવૈદિક ઈશ્વર અને અંધશ્રદ્ધા છે. જેનું નિવારણ વૈદિક જ્ઞાન-વિજ્ઞાનના પ્રચાર-પ્રસારથી જ સંભવ છે. માટે સમાજ અને રાષ્ટ્રમાં વધુમાં વધુ તિવ્ર ગતીથી વૈદિક વિચારોનો ફેલાવો કરવો જોઈએ. આજે સંસારમાં માનસિક લડાઈ દિવસે ને દિવસે વધતી જાય છે એનું કારણ પરસ્પર અવિશ્વાસની ભાવના અને અસત્યાચરણ છે. યુવા પેઢી પાશ્યાત વિચારો તરફ વધતો જાય અને સ્વચ્છંદી બનતો જાય છે. જે આગળ જતાં સમાજ અને રાષ્ટ્ર માટે ધાતક સિદ્ધ થશે. આ માટે તેમણે અત્યારથી જ સાવધાન થઈ જવા અનુરોધ કર્યો હતો. પ્રવચનના અંતે શ્રી ચંદ્રેશજીએ શ્રોતાઓની અનેક શંકાઓનું સમાધાન વૈદિક દ્રષ્ટિકોણથી કર્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન અને વક્તાનો પરિચર શ્રી કિશોરભાઈ પટેલે આપ્યો હતો. ત્યારબાદ પાટીદાર સમાજના ઉપપ્રધાન શ્રી નરસિંહ ભીમજી છાભૈયા અને શ્રી હંસરાજભાઈ સામજીભાઈ છાભૈયાએ પુષ્પમાળા પહેરાવી શ્રી ચંદ્રેશજીનું સ્વાગત કર્યું હતું. આભાર વિધિ શ્રી મોહનભાઈ પ્રેમજીભાઈ છાભૈયાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ભરતભાઈ પ્રેમજીભાઈ છાભૈયા, શ્રીમતી નીતાબેન છાભૈયા, શ્રી વિરેન્દ્ર કેશરાણી અને શ્રીમતી હંસાબેન કેશરાણી વગેરેનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## જુલાઈ,૨૦૧૩ — સ્વામી વિવેકાનંદજીનો પ્રચાર કાર્યક્રમ



સ્વામી વિવેકાનંદજી તા. ૭ થી ૧૦ તથા ૨૮ થી ૩૧ જુલાઈ સુધી દર્શન યોગ મહાવિદ્યાલય ખાતે રહેશે અને અધ્યાપન કરશે.

**તા. ૧ થી ૩ -સરલ આધ્યાત્મિક શિબિર, સ્થાન:** આર્યસમાજ, ઝઝર રોડ, રોહતક, હરિયાણા

**તા. ૪ અને ૫ - પ્રવચન, આર્યસમાજ, સંદેશ વિહાર, દિલ્લી, સંપર્ક : શ્રી વિજેન્દ્ર આનંદ. મો. : ૦૯૯૧૦૦૨૪૦૯૯**

**તા. ૫ યાત્રા દિલ્હી થી અમદાવાદ, ગાંધીનગર.**

**તા. ૬ -સાંખ્ય દર્શન, સ્થાન:** આર્યસમાજ, સેક્ટર - ૨૪, ગાંધીનગર. સમય : સવારે ૯ :૦૦ થી ૧૦:૩૦ સંપર્ક : શ્રી અવધેશપ્રસાદજી પાંડેય મો. : ૯૮૯૮૦૮૭૮૯૪.

**તા. ૬ -સાંખ્ય દર્શન, સ્થાન:** પ્લોટ ૧૬૫૨/૧, સેક્ટર ૨ ડી, ગાંધીનગર. સમય : રાત્રે ૮ :૩૦ થી ૧૦:૦૦ સંપર્ક : શ્રી અવધેશપ્રસાદજી પાંડેય મો. : ૯૮૯૮૦૮૭૮૯૪.

**તા. ૧૧, ૧૨, ૧૩, ૨૪ -સરલ આધ્યાત્મિક શિબિર, સ્થાન:** ૧૫, યુગલકુંજ સોસાયટી, બગીચાની સામે, નરોડા, અમદાવાદ. સંપર્ક : શ્રીમતી રશ્મિબેન પટેલ ફોન. : (૦૭૯) ૨૨૮૪૨૨૫૬

**તા. ૧૨ - પ્રવચન તથા શંકા-સમાધાન. સ્થાન :** કોમન પ્લોટ, રામેશ્વર પાર્ક, ઓઢવ. **સમય :** રાત્રે ૯ : ૦૦ થી ૧૦ : ૦૦ **સંપર્ક :** શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩-૩૮૬૦૯

**તા. ૧૩ - વેદ પ્રવચન . સ્થાન :** મહારાજા અગ્રસેન વિદ્યાલય, મેમનગર, થલતેજ. **સમય :** સવારે ૮ : ૦૦ થી ૯ : ૦૦ **સંપર્ક :** શ્રી રાજુ પટેલ મો. ૦૯૯૨૪૪-૭૫૬૦૩, કાર્યાલય : ૦૭૯ ૨૭૪૩૭૪૪૦.

**તા. ૧૩ - પ્રવચન . સ્થાન :** આર્યસમાજ, અંબાલાલ કોમ્પ્લેક્ષ, સોમેશ્વર પાર્ક ૩ની સામે, સન એન્ડ સ્ટેપ ક્લબની પાસે, થલતેજ, અમદાવાદ. **સમય :** સવારે ૯ : ૩૦ થી ૧૦ : ૧૫ **સંપર્ક :** શ્રી ગોવિંદરામજી મો. ૦૯૪૨૭૬-૨૮૩૦૪.

**તા. ૧૩ - પ્રવચન તથા શંકા-સમાધાન. સ્થાન :** આર્યસમાજ, કાંકરિયા રોડ, અમદાવાદ. **સમય :** સવારે ૧૧ : ૦૦ થી ૧૨ : ૦૦ **સંપર્ક :** ફોન : ૦૭૯- ૨૫૪૫૪૩૭૩

**તા. ૧૪ થી ૧૬ - સરલ આધ્યાત્મિક શિબિર. સ્થાન :** દહેગામ ગાંધીનગર. **સંપર્ક :** શ્રી મનસુખભાઈ પટેલ મો. : ૯૮૭૯૦૯૬૦૦૮

**તા. ૧૭ - વેદ પ્રવચન. સ્થાન : નિલકંઠ બંગ્લોઝ, ભાટ ગામ, મધર ડેરીની સામે, અમદાવાદ, સમય : રાત્રે : ૮ : ૩૦ થી ૧૦ : ૩૦. સંપર્ક :** મો. : ૯૪૨૮૩૫૩૬૬૨

**તા. ૧૮, ૧૯, ૨૦ - વિશેષ કાર્યક્રમ, વિષય : 'વેદ કથા', પ્રવચન તથા શંકા સમાધાન,. સ્થાન :** શહિદવીર મંગલ પાંડે ઓડિટોરીયમ, શિરોમણી બંગ્લોઝની પાસે, ૧૦૦ ફૂટ વિરાટનગર-નિકોલ રોડ, અમાદવાદ. **સંપર્ક :** વૈદિક સંસ્થાન ઓઢવ, ફોન: (૦૭૯) ૨૨૯૭૨૩૪૦, મો. : ૮૧૪૧૧૨૬૬૨૦.

**તા. ૨૧, ૨૨, ૨૩ -યોગદર્શન પાઠ, સ્થાન :** વૈદિક સંસ્થાન ઓઢવ, **સમય : સવારે ૧૦ : ૩૦ થી ૧૨ : ૦૦ સંપર્ક :**ફોન: (૦૭૯) ૨૨૯૭૨૩૪૦, મો. : ૮૧૪૧૧૨૬૬૨૦.

**તા. ૨૧ - સત્યાર્થ પ્રકાશ પાઠ, સ્થાન :** એચ - ૫૦૪, રાધે કૃષ્ણ સોસાયટી, કર્ણાવતી મેગા મોલની સામે, વસ્ત્રાલ, અમદાવાદ **સમય : રાત્રે ૮ : ૩૦ થી ૧૦ : ૦૦ સંપર્ક :** શ્રી શશિકાંતભાઈ મો. ૯૩૨૭૦૧૫૯૪૮

**તા. ૨૧, ૨૨ - મનુસ્મૃતિની કક્ષા. સ્થાન :** ૧૨૪, રામેશ્વર પાર્ક ગૌરી સીનેમાની પાસે, કાકાની ભાજીપાઉની પાછળ, ઓઢવ. **સમય :** સાંજે ૬ : ૦૦ થી ૭ : ૧૫ **સંપર્ક :** શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩-૩૮૬૦૯

**તા. ૨૨ - સત્યાર્થ પ્રકાશ પાઠ, સ્થાન :** વસ્ત્રાલ અમદાવાદ. **સમય :** રાત્રે ૮ : ૩૦ થી ૧૦ : ૦૦ **સંપર્ક :** શ્રીમતી વૈશાલીબેન વશિષ્ઠ મો. ૯૨૨૮૭૯૮૯૬૭

**તા. ૨૩ - ન્યાયદર્શન પાઠ,. સ્થાન :** બંગલો નં. : ૩, માધવ હોમ્સ, મેજીક મસાલા હોટલની સામે, નિરાંત ચોકડી, અર્પણ સ્કૂલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ. **સમય :** સવારે ૮ : ૦૦ થી ૯ : ૦૦ **સંપર્ક :** લાલચંદજી આર્ય મો. ૯૮૨૪૦૪૬૩૯૮

**તા. ૨૩ - વૈદિક પ્રચવન . સ્થાન :** નાના ચિલોડા, અમદાવાદ. **સંપર્ક :** શ્રી મુકેશભાઈ આર્ય, મો. ૯૮૨૫૩૬૫૧૫૯.

**તા. ૨૪ - યાત્રા, અમદાવાદ થી હિંમતનગર.**

**તા. ૨૫, ૨૬, ૨૭ - સરલ આધ્યાત્મિક શિબિર. સ્થાન : હિંમતનગર, ગુજરાત. સંપર્ક :** શ્રી અશોકભાઈ પટેલ, મો. : ૯૪૨૭૦૩૭૭૭૫

**તા. ૨૭ - આધ્યાત્મિક પ્રવચન તેમજ શંકા સમાધાન. સ્થાન :** મોડાસા ગુજરાત. **સમય : રાત્રે ૮ : ૦૦ થી ૧૦ : ૦૦ સંપર્ક :** શ્રી અંબાલાલભાઈ પટેલ મો : ૯૪૨૭૫૨૮૨૪૮

નોંધ : આવશ્યકતાઅનુસાર કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે છે.



ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...
www.santodhavramvedicgurukul.com

# આર્ય જગતના પ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાન તથા મીંસાંસાચાર્ય આચાર્ય સત્યજીત્જી સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપુરની મુલાકાતે

સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુર, કચ્છ ખાતે સમગ્ર વર્ષ દરમ્યાન અનેક વિદ્વાનોએ ગુરુકુલની મુલાકાત લીધી હતી.

તાજેતરમાં જ અજમેર સ્થિત મહર્ષિ દયાનંદ આર્ષ ગુરુકુલ, ઋષિ ઉદ્યાનના આચાર્ય તથા વિશ્વ કલ્યાણ ધર્માંધ ન્યાસ, રોજડના ન્યાસી આચાર્ય સત્યજીત્જીએ સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુરની મુલાકાત લીધી હતી. તેમણે તેમની આ મુલાકાત દરમ્યાન ગુરુકુલના વરિષ્ઠ વિદ્યાર્થીઓને દર્શન, વેદ, ઉપનિષદ્ના ગ્રંથોનું અધ્યયન કરાવ્યું હતું. તેમણે દાર્શનિક ઉપદેશ પણ આપ્યો હતો. આ ઉપરાંત તેમણે ગુરુકુલમાં અભ્યાસ કરતાં નાના-બાળકોને પણ તેમના સ્તર અનુસાર સુંદર પ્રવચન આપ્યું હતું.



આ પ્રસંગે ગુરુકુલ ભવાનીપુરમાં નવગઠિત આર્યકુમાર સભાના પ્રધાન સ્વામી શાંતાનંદજી તથા મંત્રી શ્રી વૈકુંઠકુમાર સત્યાર્થી દ્વારા આચાર્ય સત્યજીત્જીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમની સાથે આવેલા પ્રતિનિધિ મંડળને ગુરુકુળ દ્વારા પ્રકાશિત સાહિત્ય ભેંટ આપવામાં આવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઉપદેશક મહાવિદ્યાલય, ટંકારાકે બ્ર. ઉદયજી ગુરુકુલ ભવાનીપુર ખાતે રોકાયેલા છે અને તેઓ દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. તેઓ લગભગ ૧ મહિના સુધી તેમની આ સેવ આવનાર છે.

વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ કલાઓ વિકાસ થાય તે હેતુથી ગુરુકુલ ભવાનીપુર ખાતે આર્ય કુમાર સભાની સ્થાપના કરવામાં આવી છે. આ સભાના માધ્યમથી દર શનિવાર અને રવિવારે સભાના સંરક્ષક અને પ્રધાન સ્વામી શાંતાનંદજી દ્વારા નાના-મોટા તમામ વિદ્યાર્થીઓને વૈદિક વિષયો પર પ્રવચન કેવી રીતે આપવું તેનો અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યો છે.

પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ પ્રસંગે

# ચરોતર પ્રદેશ આર્ય સમાજ દ્વારા ૫૦૦ થી વધુ શૈક્ષણિક કીટનું નિ:શુલ્ક વિતરણ કરાયું

**આણંદ**

ચરોતર પ્રદેશ આર્ય સમાજ, આણંદ દ્વારા જનોપયોગી સામાજીક અને શૈક્ષણિક સેવાકીય પ્રવૃત્તિઓ વર્ષ દરમ્યાન અવિરત થતી રહે છે. આવી જ એક પ્રવૃત્તિના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચરોતર પ્રદેશ આર્ય સમાજ દ્વારા ધોરણ - ૧ માં પ્રવેશપાત્ર બાળકોમાં શિક્ષણ પ્રત્યે રૂચિ તેમજ ઉત્સાહ વધે અને બાળકો શાળામાં નિયમિત ભણતા થાય તેવા ઉમદા હેતુથી તા. ૧૧ થી ૧૭ જૂન ૨૦૧૪ દરમ્યાન 'શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૪' પ્રસંગે પરા વિસ્તારમાંથી અતિ ગરીબ બાળકો ભણવા આવતા હોય તેવી પછાત વિસ્તારની આણંદ જીલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ થી વધુ કીટ (સ્કુલ બેગ, સ્લેટ, અને સ્લેટપેન) નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આણંદ જીલ્લાની પ્રાથમિક શાળાઓ પૈકી માધવપુરા (મોગર), ચીખોદરા, સારસા, ઉમરેઠ, નાવલી, બિલેશ્વર, મોરીનો કુવો (કુંજરાવ), વાઘપુરા, કૃષ્ણનગર (સામરખા) કૈવલનગર (આંકલાવ), વિદ્યાનગર તેમજ સાબરકાંઠા જીલ્લાની પ્રાથમિક શાળા, રોજડ મળીને કુલ ૧૨ શાળાઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, માનદમંત્રીશ્રી આર્કિ. અશોકભાઈ પટેલ, પુસ્તકાલયાધ્યક્ષ શ્રી રાજેન્દ્રસિંહજી રાજ, અંતરંગ સભ્યો પૈકી ધ્રિ લાલસિંહજી વડોદીયા, શ્રી ગોરધનભાઈ આર્ય, શ્રી કેતનભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી વિજયભાઈ આર્ય, પંડિત કનુપ્રસાદ શાસ્ત્રી, શાખા આર્યસમાજ કુજરાવના સભ્યશ્રી ભગુભાઈ પટેલ, કરમસદ શાખા આર્યસમાજના સભ્ય શ્રી ચંદુભાઈ પરમાર, સિંહોલ શાખા આર્યસમાજના સભ્ય શ્રી વિઠ્ઠલભાઈ પરમાર વિગેરેએ અલગ અલગ શાળાઓમાં હાજર રહીને નવા પ્રવેશેલા બાળકોને વૈદિક મંત્રોચ્ચારથી કંકુ-ચોખાથી તિલક કરી ચોકલેટ આપી કીટ અર્પણ કરી હતી તથા બાળકોના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદની વિદ્યાર્થી સહાયની ઉમદા કામગીરીને સૌ શાળા પરિવારોએ સહર્ષ વધાવી લીધી હતી અને સંસ્થાઓ હાર્દિક આભાર માન્યો હતો તથા વર્ષો વર્ષ આ પ્રવૃત્તિ અબાધરૂપે ચાલતી રહે તેવી ઈચ્છા વ્યક્ત દકરી હતી, તેવું સંસ્થાના માનદમંત્રી આર્કિ. શ્રી અશોકભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ओ३म
अस्माकं वीरा उत्तरे भवन्तु
અગ્નિપથ
શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-
: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com
અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com